ગટરવેરાના બીલ સમયસર ન મળતા નાગરીકોમાં રોષ

સેકટર-૩ ખાતે આવેલ ડ્રેનેજ ઈન્ક્વાયરી ખાતે પાણી -ગટર વેરો ભરવાની કામગીરી ચાલી રહી છે. આ બીલ ભરવા માટે લાંબી લાઈનો લાગે છે. કલાકો સીધી ઉભા રહેવુ પડે ત્યારે બીલ ભરાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે તા. ૨૫ ના રોજ સેકટર-૨ માં ગટર વેરાના બીલ મળ્યા છે તેમજ કેટલાક રહેણાંક મકાનોમાં હજુ સુધી મળ્યા પણ નથી. તો બીજી તરફ તંત્ર દ્વારા ગટર-પાણી વેરાના બીલમાં ચેક સ્વીકારતા નથી કેમકે છેલ્લા તા. ૨૫ માર્ચ લખવામાં આવેલ છે. નાણા લેવા માટે ફકત એક જ બારી હોવાથી નાગરીકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જયારે લાઈનમાં મોટાભાગે સિનિયર સિટીઝન ઉભા હોય છે. ત્યારે વેરાના નાણા સ્વીકારવા માટે વધુ બારી ઉભી કરવામાં આવે તેમજ સત્વરે બીલ મળે તેવી માંગ નાગરીકોમાં ઉઠવા પામી છે.

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં પોલીસ બંદોબસ્ત આપવા રજૂઆત

ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણી આગામી ૨૮મી માર્ચ ૨૦૧૮ના રોજ રાજયભરમાં યોજાશે. જેને અનુલક્ષીને ગુજરાત બાર કાઉન્સીલના જોઈન્ટ રીટર્નીંગ ઓફીસર આર.સી. જાનીએ રાજય પોલિસવડાને પત્ર લખી પોલિસ બંદોબસ્ત ગોઠવવા માંગ કરી છે.

બાર કાઉન્સીલની ચૂંટણી અંગે સુપ્રિમ કોર્ટે જાહેર કરેલા પરિપત્ર મુજબ પોલિસ બંદોબસ્ત ઉપરાંત ચૂંટણી સ્થળો પર સીસીટીવી કેમેરા તથા પોલીંગ બુથ પર વિડીયો રેકોર્ડીંગ પણ કરવા જણાવ્યું હતું.

દિવ્યાંગ સમિતિ દ્વારા પડતર પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે સવારે મોટીસંખ્યામાં દિવ્યાંગ ભાઈ બહેનો એકત્ર થયા હતા. પોતાના પડતર પ્રશ્નો અંગે વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા

છતા ઉકેલ ન આવતા સત્યાગ્રહ છાવણી ધરણા-પ્રદર્શન યોજીને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આવેદન પત્ર પાઠવી દિવ્યાંગો માટે યોગ્ય કરવા રજુઆત કરી હતી.

ગુજરાત રાજયના દિવ્યાંગોનું સંપૂર્ણ પણે વધુ પડતુ શોષણ કરતા હોવાથી તેમની સામે આજના યુગના સમયમાં સામાન્ય માણસની કક્ષાએ દિવ્યાંગો પણ પોતાનું જીવન ધોરણ ઉંચુ જીવી શકે તે માટે દિવ્યાંગ સમિતિ અધિકાર દ્વારા સંપૂર્ણ પ્રકારની કાયદાકીય માંગોમાં સરકારી-અર્ધસરકારી તેમજ ખાનગી પ્રાથમિક, માધ્યમિક-ઉચ્ચમાધ્યમિક તેમજ અન્ય સંસ્થાઓની અંદર સંગીત શિક્ષકોમાં દિવ્યાંગ ઉમેદવારોની ભરતી કરવામાં આવે, દિવ્યાંગ નાગરીકોને તેમાના પુરાવાને મહત્વ આપવાના બદલે તેમની શારીરીક ખોડખાંપણને મહત્વ આપીને સહાય પુરી પાડવમાં આવે, શિક્ષિત બરોજગાર દિવ્યાંગોને સરકારી નોકરી મેળવવા માટેના સ્પર્ધાત્મક પરિક્ષાના કોંચીગ કલાક ચલાવવા આપવા, દિવ્યાંગોને રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા કર્મચારીની ભરતીની જે સ્પર્ધાત્મક પરિક્ષાઓ લેવામાં આવે છે તેના સંપૂર્ણ પુસ્તકો તેમજ અન્ય સામગ્રી નિશુલ્ક પુરી પાડવી, દિવ્યાંગોને દર મહિને રૂ.૨૦૦૦ પેન્શન મળવુ જોઈએ, જે ઘરમાં દિવ્યાંગ હોય તેને બીપીએલની યાદીમાં ૧ થી ૧૬માં સ્થાન આપવું, કોમ્પ્યુટર ઓપરેટર, કલાર્ક, જેવી પોસ્ટ ઉપર દિવ્યાંગ ભાઈ બહેનોની જ ભરતી થવી જોઈએ, દિવ્યાંગોને કોન્ટ્રાકટમાં તેમજ ફિકસ પગારમાં ન સમાવવા અને કાયમી અને પુરા વેતનમાં સમાવેશ કરવો, રોજગારી માટે લોન સરળ રીતે મળી રહે તેવી વ્યવસ્થા કરવી, ગુજરાત ગૌણસેવા પસંદગીમાં ભરતી થવી જોઈએ, દિવ્યાંગોને લોનમાં સબસીડી કાયમી કરવી, પેટ્રોલ પંપ, ગેસ એજન્સી, ટોટાનું લાયસન્સ આપવું, તેમજ દિવ્યાંગોને બે એકર જમીન આપવી, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, સરપંચ અને ધારાસભ્યમાં અનામતની અમલવારી કરવી સહિતના મુદ્દા છે. આ પડતર પ્રશ્નો અંગે દિવ્યાંગ અધિકાર સમિતિ દ્વારા અનેકવાર લેખિત રજુઆતો કરવામાં આવી છે છતા સરકારના બહેરા કાને દિવ્યાંગોની વાત સંભળાતી નથી. ત્યારે આગામી એક માસમાં પડતર પ્રશ્નો અંગે યોગ્ય નિર્ણય નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી દિવ્યાંગોએ ઉચ્ચારી છે.

તાલુકા પંચાયતની બજેટ બેઠક આજ પર મુલત્વી રહી

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં બજેટ પર ચર્ચા વિચારણા કરવા માટે પુરતો સમય મળ્યો ન હોવાથી બેઠક કાલ પર મુલત્વી રાખવામાં આવે તેવી માંગણીનો સ્વીકાર કરી મંગળવારે પુનઃ બેઠક બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શોભનાબેન વાઘેલાના અધ્યક્ષપદે મળેલ આજની બેઠકમાં ભાજપ-કોંગ્રેસના સભ્યોએ ગઈકાલે જ તેમને બજેટ બુક મળી છે અને અભ્યાસ કરી શકયા નથી તેથી બેઠક મુલત્વી રાખવા માંગ કરી હતી. ૩૧મી માર્ચ પહેલા બજેટ પસાર કરવુ જરૂરી છે અને હવે કચેરી પાસે બે દિવસનો જ સમય છે એટલે કાલ સુધી બેઠક મુલત્વી રાખવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

જુસિકામાંથી આરોગ્યના સાધનો મેળવેલા નાગરીકો જોગ

જુનિયર સિટીઝન્સ કાઉન્સીલમાંથી જે કોઈ નગરજનાએ તા.૧-૪-૧૬ થી તા.૩૧-૩-૧૭ દરમિયાન સંસ્થામાંથી ડિપોઝીટ ભરીને આરોગ્ય સુરક્ષા સાધનો લીધા હોય અને સાધન રીન્યુ કરાવેલ ન હોય તો આ સાધનની ડિપોઝીટ આગામી તા.૫-૪-૧૮ સુધી સાધન પરત આપી સંસ્થાના કાર્યાલય પરથી ડિપોઝીટ મેળવી લેવાની રહેશે. ત્યારબાદ સાધનની ડિપોઝીટ પરત આપવામાં આવશે નહી.તેની ગાંધીનગરના સર્વે નગરજનોને નોંધ લેવા જુસીકા દ્વારા જણાવાયું છે.

ગુજરાત વિધાનસભાનું બિલ્ડીંગ રીનોવેશન થઈ હજુ હમણાં જ સરકારને સોંપવામાં આવ્યું છે અને રૂ. ૧ ૩૫ કરોડના માતબર ખર્ચે આ નવું બિલ્ડીંગ તૈયાર થયું છે. પરંતુ નબળી કામગીરીના કારણે આજે ગેટ ઉપરના ટાઈલ્સ ઉખડીને નીચે પડી હતી. જોકે, ટાઈલ્સ પડવાની આ ઘટનાને પગલે દોડધામ મચી ગઈ હતી. પરંતુ કાઈી જાનહાની આને કારણે થઈ નહોતી, તેથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. વિધાનસભાના નવા સંકુલમાં હજુ સંપૂર્ણપણે કામગીરી હાથ ધરાઈ નથી. ત્યાં જ બનેલી આ ઘટનાએ સૌને વિચારતા કરી દીધા છે. ગાંધીનગર અને વિવાદ એકબીજાના પ્રયાયી બની ચૂક્યા છે. ત્યારે આ નવો વિવાદ ખૂબ જ ચિંતા ઉપજાવે તેવું બને છે. નગરની રચના કાળે ગાંધીનગરના મકાનોને લઈ પણ સવાલો ઉઠ્યા હતા. જે આ ગૃહમાં ચર્ચામાં આવ્યા હતા.

...પડીને ઉભી થાય તેને નારી કહેવાય..!!

ચૌધરી મહિલા કોલેજ ખાતે યુવા કવયિત્રી સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૬

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર તથા ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે યુવા કવયિત્રીઓનું સંમેલન યોજાયું હતું. આ સંમેલન કાર્યક્રમના પ્રારંભે પી.કે. ચૌધરી મહિલા કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. જ્યારે ધૈવત શુક્લએ સંસ્થાનો પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમની ઉદ્ઘાટન બેઠકનું

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં યોજવામાં આવ્યું હતું. જેમાં સાત યુવા કવયિત્રીઓએ પોતાની કૃતિઓ રજુ કરી હતી. આ કવિ સંમેલનમાં ગાંધીનગરની સૌથી યુવા કવયિત્રી રૂદ્રિ શુક્લએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી.

યુવા કવયિત્રી સંમેલનમાં ડૉ. ઊર્વી અમીન, તૃપ્તી ત્રિવેદી, વર્ષા સોલંકી, માયા ચૌહાણ, રૂદ્રી શુકલ, શ્વેતા પટેલ અને આશા ચૌધરીએ પોતાની કૃતિઓ રજુ કરી શ્રોતાઓને રસતરબોળ કર્યા હતા. સંચાલન ડૉ. લીના સ્વાદિયાએ કર્યુ હતુ. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ઉર્વી અમીન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાતેય કવયિત્રીઓએ વિવિધ કાવ્ય પ્રકારો પર પોતાની કૃતિઓ રજૂ કરી હતી.

આ પ્રસંગે સાહિત્યકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર સંસ્થાના હોદ્દેદારો તથા અખિલ આંજણા કેળવણી મંડળના હોદ્દેદારો તથા અધ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માધુપુરના મેળાને માણવા રાજ્ય સરકારનું જાહેર નિમંત્રણ

અરૂણાચલ-મણિપુર-ગજરાતના ૫૦૦ જેટલા કલાકારોના વિવિધ કાર્યક્રમોનું આયોજન

સૌરાષ્ટ્રના પોરબંદર જિલ્લામાં માધવપુર(ઘેડ)માં પરંપરાગત રીતે ઉજવાતા લોકમેળાને ગુજરાત-અરૂણાચલ પ્રદેશના ઐતિહાસિક અને સાંસ્કૃતિક અનુબંધને વધુ પ્રગાઢ બનાવવા તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓળખ આપવા ભારત સરકારના સહયોગથી રાજ્ય સરકાર વિશેષ પ્રયત્નો કરશે. રાષ્ટ્રીય એકતાની પહેલ તરીકે ભારતીયતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની દિશામાં તા.૨૮મી માર્ચ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે.

પ્રવાસન મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે આજે ગાંધીનગરમાં માધવપુર(ઘેડ)ના મેળાની વિશેષ ઉજવણીની વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતના ભગવાન શ્રી કૃષ્ણ અને અરૂણાચલ પ્રદેશના રૂકમણીજીના જ્યાં લગ્ન થયાં હતાં તે પ્રાચીન સ્થળ-માધવપુરનો પરંપરાગત ભવ્ય મેળો દર વર્ષે ચૈત્ર સુદ નોમ (રામ નવમી) થી તેરસ સુધી યોજાય છે. આ વર્ષે ૨૫મી માર્ચથી શરૂ થયેલો આ લોકમેળો ૨૮મી માર્ચ સુધી યોજાશે.

માધવપુરના મેળામાં ૧૨મી સદીના માધવરાયજીના મંદિરમાં ભગવાન શ્રી કૃષ્ણ અને રકમણીજીના વિવાહ થાય છે. આ અગાઉ ત્રણ દિવસોમાં રાત્રે ફૂલેકાં ચડે છે અને ભગવાન શ્રી કૃષ્ણની રવાડી ધામધૂમથી બ્રહ્મકુંડ સુધી જાય છે. આ વર્ષે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ માધવપુરમાં વિશેષ કાર્યક્રમો યોજીને રુકમણીજીની ભગવાન શ્રી કૃષ્ણ સાથેની અરૂણાચલ પ્રદેશથી ગુજરાત સુધીની ચિરંતન યાત્રાનો આ ઉત્સવ દેશનો ઉત્સવ બને એવું આયોજન કરવામાં આવ્યું છે.

એમપી ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કુંડા અને ચકલીઘરનું વિતરણ

ગાંધીનગરના એમ.પી. ચૌધરી ચેરિટેબલ દ્વારા સેક્ટર-૧ સ્થિત સમદર્શન આશ્રમ ખાતે પાણીના કુંડા અને ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળામાં અસહ્ય ગરમીમાં પક્ષીઓને પીવાનુ પાણી અને રહેવાનુ ઘર મળી રહે તેવા ઉમદા હેતુથી એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટે આ કુંડા અને ચકલી ઘરનું વિતરણ કર્યુ હતુ. સમદર્શન આશ્રમ ખાતે શ્રીમદ ભાગવત ગીતાના સત્સંગ બાદ રામનવમીના દિને સાધક ભાઈ બહેનો આ કાર્યક્રમમાં જોડાયા હતા. આ ટ્રસ્ટ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી આ પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.

વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૫૬ સરકારી શાળાઓમાં રમત-ગમતના મેદાનની સુવિધા નથી. આવી શાળાઓ દહેગામમાં ૫૨, ગાંધીનગરમાં ૪૩, કલોલમાં ૩૭ અને માણસામાં ૨૪ આવેલી છે.

● અને છેલ્લે...

કોંગીના બળદેવજી ઠાકોરે જિલ્લામાં તાલુકા પંચાયતની વર્ગવાર મંજૂર જગ્યા અને ખાલી જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે વર્ગ-૩ની ૩૪ અને વર્ગ-૪ની ૧૧ જગ્યા મળી કુલ ૪૫ જગ્યાઓ ખાલી છે.

બજેટ મંજુર... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

રામાજી ઠાકોરે સભ્યોના આવકાર વચ્ચે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યુ હતુ કે જિલ્લાના બેરોજગાર યુવાનોને રોજગારલક્ષી તાલિમ આપવા માટે રૂ. ૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. નાના ભૂલકાઓના જન્મને વધાવવા મમતા કીટ પ્રોજેક્ટ માટે રૂ. ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં આવકના સાધનો મર્યાદિત છે પણ સૌના સર્વાંગી વિકાસ માટે અમે કટિબદ્ધ છીએ.

બજેટ પરની ચર્ચા દરમ્યાન ભાજપના જયેશ ચૌધરીએ જોગવાઈઓ કર્યા પછી ખર્ચ નહિ કરનાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવા સૂચવ્યુ હતુ.ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પણ માર્ગ-મકાન વિભાગમાં ગુણવત્તાસભર કામગીરી ન કરનારા કોન્ટ્રાકટરો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

સભ્યોએ વિસ્તાર વિકાસ માટેની ગ્રાન્ટમાં વધારો કરવાની માંગનો સ્વીકાર કરી રૂ. ૨૦ લાખની કરવાની જાહેરાત કરી હતી તો સમાજ કલ્યાણ માટે પણ વધુ ૧ કરોડની જંગી રકમ ફાળવવાની જાહેરાત પ્રમુખે કરી હતી.

શાળાઓની મરામત માટે વધુ ૨૫ લાખની રકમ ફાળવવાની જાહેરાત પણ તેમણે કરી હતી.

સીઆરપીએફ કેમ્પસ ખાતે તાજેતરમાં નવનિયુક્ત જવાનોનો દિક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં શિસ્તબદ્ધ જવાનોની પરેડે આકર્ષણ જમાવ્યુ હતુ.

પ્રશ્નોનો મારો...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન હતો ત્યાં ઉપપ્રમુખે સાત મહિને બેઠક કેમ બોલાવી? તેવો અણીયાળો સવાલ ઉભો કર્યો હતો. નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષા પટેલે આચારસંહિતા તેમજ પ્રમુખશ્રીએ બજેટ બેઠક અને સામાન્ય સભા બેઠક સાથે યોજવાના કરેલા સૂચનને પગલે વિલંબ થયાનુ જણાવ્યું હતું. વિપક્ષના સભ્ય જયેશ ચૌધરીએ આરોગ્યતંત્રએ કરેલી તપાસમાં અનિયમિત જણાયેલ અધિકારી કર્મચારી સામે સાત મહિનામાં શુ પગલાં લેવાયા તેવો પ્રશ્ન ઉપસ્થિત કરી તંત્રની ઉદાસીનતા સામેનો પ્રશ્નાર્થ વધુ ઘેરો બનાવ્યો હતો.

વિપક્ષના જયેશ ચૌધરીએ આરોગ્યતંત્રની મરામત માટે ફાળવેલી ગ્રાન્ટનો પણ ઉપયોગ ન થયાનો ચોંકાવનારો આક્ષેપ કરી ગૃહમાં ઉત્તેજના જગાવી હતી. જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યુ હતુ કે મરામત માટે બે લાખનો ખર્ચ થયો છે. જ્યારે સભ્યએ કહ્યુ કે ૯૮ લાખ વપરાયા વિનાના પડી રહ્યા આ કેવો વહીવટ ચાલે છે.

ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પણ તંત્રની ઉદાસીનતા સામે રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં આવે. તેમણે જણાવ્યુ હતુ કે આરોગ્યના અધિકારીઓ ફરજના સ્થળે રાત્રિ રોકાણ કરતા નથી. તેમજ સતત અનિયમિતતાનુ ઉદાહરણ તબીબી અધિકારીઓ છે. તેમણે ડી.ડી.ઓ.ને પણ આ અંગે તપાસ કરવા આગ્રહ કર્યો હતો.

વાસણા પ્રા. શાળા તોડી પડાયા પછી છેલ્લા એક વર્ષથી બાળકો ખુલ્લામાં બેસી અભ્યાસ કરી રહ્યા છે તેનો ઉલ્લેખ કરી બળદેવજી ઠાકોરે હાલ શું સ્થિતિ છે તે જાણવા માગતા પ્રા. શિક્ષણાધિકારીએ જણાવ્યુ હતુ કે ૧૮-૧૯માં અહિ ઓરડા મંજૂર થયા છે અને તે ઝડપથી હાથ ધરવામાં આવશે. આ જવાબ સાંભળી ચોંકી ઉઠેલા બળદેવજી ઠાકોરે જણાવ્યુ કે ભગવાન તમને માફ નહિ કરે બાળકોને તમારી ઉદાસીનતાની સજા ના આપો. તેમણે રાયસણની પ્રા. શાળાના ઓરડાઓનું બાંધકામ પણ ઝડપથી હાથ પર લેવા જણાવ્યુ હતુ.

જિલ્લાના માર્ગોમાં ચાલતા ભ્રષ્ટાચારને લઈ પણ સભ્યોએ રોષ વ્યક્ત કર્યો હતો. આવા કિસ્સામાં કોન્ટ્રાકટરોને બ્લેકલિસ્ટ કરવા, દંડ કરવા તેમજ અન્ય કડક પગલાંની પણ સભ્યોએ માંગ કરી હતી. ૩૦ લાખથી વધુ કિંમતના કામો સરકારમાં મંજૂર થઈ આવે તે પછી બહાલી આપવાની સત્તા બાંધકામ સમિતિને આપવા પણ રજુઆત કરી હતી.

સભ્યોએ આજે બેઠકમાં તંત્રને ઘેરી અને જે તડાપીટ બોલાવી હતી તેને લઈ આખો દિવસ રાજકીય વર્તુળોમાં સતત ચર્ચાઓ ચાલી હતી.

ભીષણ આગ... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

ચોથા માળેથી જ છલાંગ લગાવતા દેખાયા. આગ ઓલવવા માટે લગભગ ૨૦૦થી વધુ ફાયરબ્રિગેડ કર્મીઓ હાજર છે. આ સિવાય એમ્બ્યુલન્સ, પોલીસ પણ સ્થળ પર હાજર છે.

કહેવાય છે કે શૉપિંગ સેન્ટમાં આવેલ ઝૂમાં લગભગ ૨૦૦ પ્રાણીઓ હતા. જો કે હજુ તેઓ કંઈ પરિસ્થિતિમાં છે તેની ભાળ મળી નથી. શૉપિંગ સેન્ટરના ચોથા માળે સિનેમાહોલ અને મનોરંજનની અન્ય સુવિધાઓ છે. આથી જ ત્યાં લોકોની સંખ્યા પણ વધુ હશે. રૂસી સુરક્ષાબળોએ આ કેસની તપાસ શરૂ કરી દીધી છે.

લોકલ મીડિયા રિપોર્ટ્સ મુજબ, આગ સૌથી પહેલા બિલ્ડિંગના તે ભાગમાં લાગી જ્યાં એન્ટરટેનમેન્ટ કોમ્પ્લેક્સ છે. આગના કારણે છતનો અકે ભાગ પડી ગયો. કાટમાળમાં અનેક લોકો ફસાયા હોવાની આશંકા છે. પ્રત્યક્ષદર્શીઓ મુજબ, શોપિંગ સેન્ટરમાં એક નાનું ઝૂ પણ હતું. જેમાં બકરી, ગિની પિગ, બિલાડી અને કૂતરા સહિત અનેક પ્રાણી હતા.

પોલીસ હજુ સુધી આગ લાગવાનું કારણ વિશે માહિતી એકત્ર કરી શકી નથી. જોકે, ઘટનાની તપાસ માટે અધિકારીઓને આદેશ આપી દેવામાં આવ્યા છે.

સુનાવણી કરશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. અરજીઓમાં આ બંને પ્રથાને નાબૂદ કરવાની રજૂઆત કરવામાં આવી છે. બહુવિવાહ એક મહિલા કરતા વધુ મહિલા સાથે લગ્ન કરવા સાથે સંબંધિત પ્રથા છે જયારે નિકાહ હલાલા છુટાછેડાને રોકવાના ઈરાદાથી હાથ ધરવામાં આવેલી પ્રથા છે. આ હેઠળ એક પુરુષ અન્ય કોઈ મહિલા સાથે લગ્ન કરવાની પ્રક્રિયા મારફતે પસાર કરતા પહેલા કેટલાક કાયદામાંથી પસાર થાય છે. હૈદરાબાદ સ્થિત વકીલ દ્વારા કરવામાં આવેલી અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, મુસ્લિમ કાયદામાં એક પુરુષને અનેક પત્નિઓ રાખવાની મંજુરી મળેલી છે. બીજી બાજુ આમા કેટલીક દલીલો શરતી આધાર પર પણ થયેલી છે. અત્રે નોંધનીય છે કે, ગયા ઓગસ્ટ મહિનામાં સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય બેંચે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેમાં ત્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવ્યો હતો. ચીફ જસ્ટિસ જેએસ ખેહર અને જસ્ટિસ એસ અબ્દુલનઝીરે મુસ્લિમ ધર્મના અધિકારના ભાગરુપે ત્રિપલ તલાકને ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, તે ગેરબંધારણીય નથી પરંતુ જસ્ટિસ કુરિયન જોસેફ, આરએફ નરીમન અને યુયુ લલિતે બહુમતિથી કહ્યું હતું કે, ત્રિપલ તલાક મુસ્લિમ મહિલાના મૂળભૂત અધિકારના ભંગ સમાન છે. હવે નિકાહ હલાલા અને બહુવિવાહ ગેરબંધારણી છે કે કેમ તેમાં સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે, મુસ્લિમ પર્સનલ લો (શરિયત) એપ્લિકેશન એક્ટ ૧૯૩૭ની કલમ-૨ને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે. કારણ કે આમા બહુવિવાહ અને નિકાહ હલાલને મંજુરી આપવામાં આવી છે. ત્રિપલ તલાકને ગેરબંધારણીય જાહેર કર્યા બાદ નિકાહ હલાલ અને બહુવિવાદના બંધારણીય પાસા ઉપર સુપ્રીમ કોર્ટ ધ્યાન આપશે. ગયા વર્ષે ૨૨મી ઓગસ્ટના દિવસે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાય તરફથી અરજી દાખલ કરવામાં આવી હતી. સાથે સાથે દિલ્હીની બે મુસ્લિમ મહિલાઓ તરફથી અરજી દાખલ કરવામાં આવી છે.

બુલેટ ટ્રેન... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

વાત થઈ રહી છે પરંતુ રેલવે સુત્રોના કહેવા મુજબ બીકેસીથી બુલેટ ટ્રેન ટનેલથી દિવા નજીક લઈ જવાશે. આના માટે સુરંગ બનાવવામાં આવશે. આ સુરંગ ૨૭ કિલોમીટર લાંબી રહેશે. બુલેટ ટ્રેન માટે મહારાષ્ટ્રમાં જમીન અધિગ્રહણ કામગીરી ચાલી રહી છે. બુલેટ ટ્રેન માટે ૧૨ સ્ટેશનો રહેશે. યાત્રીઓને મરાઠી, હિન્દી અને ગુજરાતી ભાષાઓમાં સુચના આપવામાં આવશે. પ્રાથમિક કાર્યક્રમ મુજબ ૩૬૦ રેલવે કર્મચારીઓને બુલેટ ટ્રેન માટે જાપાનમાં ટ્રેનિંગ આપવામાં આવનાર છે. આ ટ્રેનની ગતિ ૩૫૦ કિલોમીટર પ્રતિકલાક રાખવામાં આવનાર છે. ટ્રેન ૩૨૦ સેકન્ડમાં ૩૨૦ કિલોમીટર પ્રતિકલાકની ગતિ પકડી લેશે અને આ ગાળામાં ૧૮ કિલોમીટરનો માર્ગ કાપી લેશે. વ્યસ્ત કલાકમાં ત્રણ ટ્રેનો અને ઓછા વ્યસ્ત કલાકોમાં બે ટ્રેનો દોડાવવામાં આવશે. કેટલીક ટ્રેનો મુંબઈ અને સાબરમતી વચ્ચે તમામ સ્ટેશનો રોકાશે. એક દિવસમાં કુલ ૭૦ ટ્રેનો દોડાવવામાં આવશે. પ્રતિદિવસે ૪૦૦૦૦ યાત્રી યાત્રા કરશે.

રોકવા પ્રયાસો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પ્રથા હેઠળ તલાક લેનાર વ્યક્તિને બીજા સાથે લગ્ન કરવાના હોય છે અને સંબંધ સ્થાપિત કરવાના હોય છે અને ફરી તેને તલાક આપીને પૂર્વ પતિ સાથે નિકાહ કરવાના હોય છે. આની પાછળ તર્ક એ છે કે, આ પ્રક્રિયા આવી બનાવવામાં આવે કે કોઈપણ તલાક આપી શકે નહીં. એટલે કે તલાકને મજાક બનાવવામાં ન આવે. બીજી બાજુ એડવોકેટ ખાનનું કહેવું છે કે, ઈસ્લામિક પ્રથામાં બહુવિવાહના રિવાજ છે. આ હેઠળ એક વ્યક્તિ ચાર લગ્ન કરી શકે છે. આની પાછળ ધારણા એ છે કે, જો કોઈ વિધવા છે અથવા કોઈ મદદ કરનાર નથી તો તેને મદદ કરી શકાય છે. સમાજમાં આવી મહિલાઓને ખોટી નજરથી બચાવવા માટે તેની સાથે લગ્ન કરવાની મંજુરી આપવામાં આવી છે પરંતુ સમયની સાથે આ કાયદાના દુરુપયોગ થઈ રહ્યા છે.

હિટવેવ... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

૪૧.૩, મહુવામાં ૪૧.૨, ભુજમાં ૪૧.૨, કંડલા એરપોર્ટ ખાતે ૪૧નો સમાવેશ થાય છે. ગરમીના

પ્રમાણમાં એકાએક વધારો થતા લોકોની મુશ્કેલી પણ હવે વધી રહી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. એકબાજુ પાણીની તકલીફ પહેલાથી જ અનુભવાઈ રહી છે ત્યારે આ વખતે ગરમી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે અમદાવાદમાં પારો વધીને ૩૯.૯ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો આજે વધ્યો હતો. મહત્તમ તાપમાનમાં વધારો થયો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ પોરબંદરમાં થયો હતો જ્યાં પારો ૪૨.૫ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. લોકો વધતા જાતા તાપમાન કારણે પરેશાન થયેલા છે. ગાંધીનગરમાં આજે પારો મહત્તમ તાપમાનમાં ૪૦ ડિગ્રી રહ્યું હતું. અમદાવાદમાં મિશ્ર સિઝનમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસોમાં વધારો થયો છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, ગરમીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા છે જેથી હાલમાં વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. ઘણી જગ્યાએ પાણીના જગ મુકવામાં આવ્યા છે.

કર્ણાટકમાં... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

અને કોંગ્રેસના આ નેતા મતદારોને પ્રભાવિત કરવા માટે ઘડિયાળ અને પૈસા વહેંચતા કેમેરામાં કેદ થઈ ગયા છે. કેઆરનગર સીટના હાલના જેડીએસના ધારાસભ્ય મહેશ છે. બીજી બાજુ કોંગ્રેસે માર્ચ મહિનામાં એક આંતરિક સર્વેનું કામ કરાવ્યું હતું જે મુજબ તેમને ૪૬ ટકા મત મળી શકે છે. કોંગ્રેસને ૧૨૭ સીટો મળી શકે છે જ્યારે સર્વેમાં ભાજપને ૩૧ ટકા મત મળી શકે છે. ૭૦ સીટો પણ મળી શકે છે. વિધાનસભા ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્ય